ક્રમાંક:ધ/પેન/૧/૨૦૦૬/૪૬૫૯-૮૪
કમિશ્નર,મ.ભો.યો.અને શાળાઓની કચેરી,
બ્લોક નં.૯/૧,ડો.જીવરાજ મહેતા ભવન,
ગુ.રા.,ગાંધીનગર તા.૧૪/૩/૨૦૦૬.

વિષય:- શૈક્ષણિક કર્મચારીઓને નિવૃત્તિ સમયે જમા રજાનું રોકડ માં રુપાંતર અંગે.

સંદર્ભ:- આ કચેરીના પત્રાંક:ધ/માધ્ય/૨૦૦૬/૩૮૭૦-૯૫,
તા.૨/૩/૨૦૦૬.

## સુધારો

આમુખ-૧ માં દર્શાવેલ પત્ર જે જિલ્લા શિક્ષણાધિકારી,જૂનાગઢને સંબોધાયેલ તથા તમામ જિલ્લામાં મોકલાવેલ પરિપત્રનો ફકરો-૨ રદ ગણી નીચે મુજબ ફકરો-૨ સુધારવામાં આવે છે.

નાણાં વિભાગના ઠરાવ સ્વયં સ્પષ્ટ છે.જે અનુસંધાને ગુજરાત સરકાર,શિક્ષણ વિભાગના ક્રમાંક:બમશ/૧૩૨૦૦૦/૧૭૬૪/ગ,તા.૨૩/૯/૦૩ થી ગુજરાત માધ્યમિક શિક્ષણ વિનિયમો-૧૯૭૪ ના વિનિયમ ક્રમાંક:૩૦(૭)(ખ)(૧) દાખલ થયેલ છે.જે સચિવશ્રી,ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,ગાંધીનગરના ક્રમાંક:મશબ/ગ/૮/૬/૧૬૭૨૬-૮૧૬,તા.૧૨/૧૦/૦૪ વાળાથી તમામ જિલ્લા શિક્ષણાધિકારીશ્રીઓને જાણ કરી છે.નાણાં વિભાગના તા.૧૬/૭/૧૯૯ ઠરાવ મુજબ શિક્ષકોને પ્રાપ્ત રજા જમા રહેલી અર્ધપગારી રજાના અડધા ભાગની રજા એમ બંને મળી કુલ-૩૦૦ (ત્રણસો દિવસ પુરા) દિવસની મર્યાદામાં રજાનું રોકડમાં રુપાંતર મળવાપાત્ર થાય છે.

સહી/- અવાચ્ય
નાયબ શિક્ષણ નિયામક(માધ્ય)
ગુ.રા.,ગાંધીનગર.